## દેવી ઉપાસનાનું રહસ્યોદ્‌ઘાટન | પ્રવીણ કુકડિયા

[**નોરતાંનું રહસ્ય** : નરોત્તમ પલાણ, પ્રકા. પ્રવીણ પ્રકાશન, પહેલી આવૃત્તિ ૨૦૦૭, પૃ. ૬૪, રૂ. ૪૦]

આજે નવરાત્રિની ઉજવણીમાં માતાજીની ઉપાસનાનું મહત્ત્વ ઘટતું જાય છે, અને તે મોજ-મજા અને મનોરંજનનું સાધનમાત્ર બની રહ્યું છે ત્યારે નોરતાનું આધ્યાત્મિક, ઐતિહાસિક, પૌરાણિક તેમજ આયુર્વેદિક મૂલ્ય શું છે તેનો સંશોધનાત્મક ખ્યાલ નરોત્તમ પલાણની નાનકડી પુસ્તિકા 'નોરતાંનું રહસ્ય'માં સુંદર રીતે આપવામાં આવ્યો છે. અહીં આ ગ્રંથનો પરિચય આપવાનો ઉપક્રમ છે.

ચોસઠ પાનાંની આ પુસ્તિકામાં ઉપલક દૃષ્ટિએ બે ભાગ પડે છે. પ્રથમ ભાગમાં નવ નોરતાં અને દશેરાનો વ્યુત્પત્તિક, પૌરાણિક, ઐતિહાસિક, પુરાતત્ત્વીય, આયુર્વેદિક પરિચય આપવામાં આવ્યો છે. જ્યારે બીજામાં રાસ-ગરબી-ગરબાનું પૌરાણિક મૂલ્ય બતાવીને આદ્યશક્તિનું અષ્ટક તથા તેર રાસ-ગરબા આપવામાં આવ્યા છે, જે આ પુસ્તકનું ઐતિહાસિક અને દસ્તાવેજી મહત્ત્વ છતું કરે છે.

પ્રથમ પ્રકરણમાં નવરાત્રિને ઐતિહાસિક તથ્યોના અનુસંધાને પાછા પગલે જઈને નવરાત્રિ બે હજાર વર્ષથી નિયમિત રીતે ઊજવવામાં આવે છે એવું સાબિત કરે છે. આ ઉપરાંત નોરતાંની સંખ્યા નવ શા માટે છે ? તે શા માટે રાત્રિનો ઉત્સવ છે ? તેનો વિસ્તૃત ખ્યાલ આપી નવરાત્રિ એટલે શરીરને પીડા આપનાર રોગરૂપી દૈત્યનો નાશ કરનાર નવ ઔષધિઓ તે નવદુર્ગા અને તેની ઉપાસનાનું પર્વ એટલે નવરાત્રિ એમ પ્રતિપાદિત કરે છે. પછીનાં પ્રકરણોમાં ક્રમશઃ નવ નોરતાંનું રહસ્ય સમજાવે છે. અહીં આપણે સુગમતા ખાતર ત્રણ રંગનાં ત્રણ-ત્રણ નોરતાંની ભેગી ચર્ચા કરીશું.

પછીનાં ત્રણ પ્રકરણમાં ત્રણ નોરતાંના રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં લેખક તેને તામસી વર્ગનાં નોરતાં કહે છે. અહીં દરેક રાત્રિએ અનુક્રમે દુર્ગમ, દુર્ધર અને દુર્મુખનો વધ શૈલપુત્રી શિવા, નીલદુર્ગા અને ચંદ્રઘંટા કરે છે એની રોચક કથા ટૂંકમાં આલેખે છે. ત્યારબાદ આ ત્રણેય નોરતાંનું ઔષધીય મૂલ્ય અનુક્રમે શિવા એટલે હરડે, નીલદુર્ગા એટલે બ્રાહ્મી – દૂધી, ચંદ્રઘંટા અર્થાત્ આંબળા વચ્ચેનું સામ્ય બતાવીને જુદા જુદા રોગરૂપી દૈત્યનો તે કેવી રીતે નાશ કરે છે તેનો ખ્યાલ આપે છે.

ચોથા નોરતાથી રાજસી વર્ગનાં નોરતાંની શરૂઆત થાય છે. તેનો રંગ લાલ છે; જે સમૃદ્ધિસૂચક છે. આ વર્ગનાં ત્રણ નોરતાંની દેવીઓ છે કૂષ્માંડિકા, સ્કંદમાતા અને કાત્યાયની. તેમના હાથે ચિક્ષુર, આડી અને બક તથા ચંડ-મૂંડનો સંહાર કેવી રીતે થાય છે તેની ભયાવહ યુદ્ધકથા કહેવાઈ છે. એ ઉપરાંત આ ત્રણ નોરતાંની દેવીઓ અને રાક્ષસોનો ઉલ્લેખ માર્કન્ડેયપુરાણ, કાલિકાપુરાણ અને દૈવીપુરાણમાં કયા સંદર્ભે આપ્યો છે તે બતાવી આપે છે.

રાજસી વર્ગનાં આ ત્રણેય નોરતાંનું આયુર્વેદીય મૂલ્ય વર્ણવતા લેખક પુરાણોને આધારે કહે છે કે કૂષ્માંડિકાનું બીજું નામ કોળું છે તે કમળનો નાશ કરનારું છે; સ્કંદમાતા કંદમૂળમાં શ્રેષ્ઠ એવી ઔષધિ આદું છે જે સર્વરોગ નિવારક છે; જ્યારે કાત્યાયનીનું ઔષધિસ્વરૂપ કરિયાતું છે જે કૃમિનાશક છે.

સાતમા નોરતાથી સાત્ત્વિક વર્ગનાં નોરતાંનો આરંભ થાય છે. તેનો સફેદ રંગ અભયસૂચક છે. લેખક આ ત્રણેય નોરતાંને સરસ્વતી, મહાસરસ્વતી અને વિદ્યાદેવીનાં નોરતાં તરીકે ઓળખાવે છે. સાતમા નોરતામાં વૃત્રાસુરનાં બે સંતાનો રાહુ અને કેતુનો સંહાર ગૌરી અને કાલરાત્રિ દ્વારા થાય છે તેની કથા, આઠમા નોરતામાં અરુણ નામના દૈત્યના મહાગૌરીના હાથે સંહારની કથા અને છેલ્લે મહિષાસુરના મદનું મર્દન કરનાર મહિષાસુરમર્દિનીની કથા લેખક વિસ્તારપૂર્વક વર્ણવે છે. ત્યારબાદ આ વર્ગના નોરતાંનો પૌરાણિક સંદર્ભ સ્પષ્ટ કરે છે.

સાત્ત્વિક વર્ગનાં આ નોરતાંનું ઔષધીય રહસ્ય કહેતાં લેખક નોરતાંની દેવી ગૌરી હરિદ્રા એટલે હળદરનું મૂલ્ય શરદી – પ્રમેહ માટે તથા મૂઢમાર ઘાને રુઝાવનાર છે; જ્યારે આઠમા નોરતાની દેવી મહાગૌરી અર્થાત્ નારાયણી એટલે શતાવરી તે રક્તશુદ્ધિ માટે અકસીર મનાય છે; અને છેલ્લા નોરતાની દેવી હર્ષિદા – હર્ષ આપનારી ભાંગ છે.... ભાંગનું યોગ્ય રીતનું સેવન સર્વરોગનાશક માનવામાં આવે છે – એમ લેખક કહે છે.

છેલ્લા પ્રકરણમાં વિજયાદશમીની કથા આલેખવામાં આવી છે. અહીં ભારતમાં આ ઉત્સવનું કેવું મહાત્મ્ય છે તેનો ખ્યાલ આપી પૌરાણિક માન્યતા મુજબ ચારેય યુગમાં આ જ દિવસે અનુક્રમે માઁ દુર્ગાના હાથે મહિષાસુર, રામના હાથે રાવણ અને કૃષ્ણના હાથે કંસનો વધ કરાયો હતો તથા કલ્કિના હાથે સત્તાસૂરો (રાજનેતાઓ)નો નાશ થવાનો છે એવો આધુનિક સંદર્ભ પણ અપાયો છે.

આમ, આપણે ત્યાં પૌરાણિક તથા પરંપરાગત રીતે ઊજવાતા ઉત્સવો વિશે ખૂબ ઓછું લખાયું છે ત્યારે નવરાત્રિના રહસ્યનો ક્ષેત્રકાર્ય કરીને થયેલો સંશોધનાત્મક અભ્યાસ આશા જન્માવે છે. મુખપૃષ્ઠ પર યુવા તસવીરકાર ગિરધર થાનકીની માતા દુર્ગાના અર્ધનિમીલિત નયનોવાળી તસવીર તથા નીચે ત્રણ રંગના પટ્ટા; પછવાડેના પેઇજ પર જોતાં જીવનનું નિમ્નથી ઊર્ધ્વગતિ કરતું પરિયાણ દર્શાવે છે. ઉપર જોતા આપેલો સંદેશ ''આહાર – ભય – મિથુન : જે જીવમાત્રની સ્થૂળ વૃત્તિ છે, તેનાથી ઉપર ઊઠવા માટેનું દર્શન...'' એટલે આ કેવી ઉપાસનાનું લેખકે કરેલું રહસ્યોદ્‌ઘાટન !

r